નવી બાબત વર્ષ: ૨૦૨૩-૨૪

આંગણવાડી કેન્દ્રોમાં નાના સમારકામ માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર,

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્ર: **WCDD/IMR/e-file/23/2023/0250/B (ICDS)**

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી )આઇસીડીએસ(, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર ના તા.૧૩/૦૨/૨૦૨૩ના પત્ર ક્ર **:ICDS/AWR/e-file/257/2023/0204/Infrastructure**

આમુખ:

વંચાણે લીધા (૧) થી આંગણવાડી કેંદ્રોના નાના સમારકામ માટે (૧૦૦% સ્ટેટ બર્ડન હેઠળ) બજેટ જોગવાઇ માટે દરખાસ્ત કરેલ છે. હાલમાં રાજ્યમાં ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, જેમાંથી ૪૨૪૨૧ પોતાના મકાનમાં કાર્યરત છે. રાજ્ય સરકારની આંગણવાડીઓમાં હયાત બાંધકામ સારૂ રહે અને લાબાં સમય સુધી ટકે તે માટે રાજ્યનાં આંગણવાડીઓની સમયસર મરામત થાય તે જરૂરી છે. તે માટે માર્ગ અને મકાન વિભાગનાં ઠરાવ મુજબ હયાત સરકારી મકાનના મેઇનટેનન્સ માટે પ્રતિ ચો.મી. રૂ.૧૫૩ ની જોગવાઇ સુચવેલ છે.

ઠરાવ:

રાજ્યમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો પૈકી પોતાના મકાન ધરાવતા કેન્દ્રોમાં હયાત બાંધકામ સારૂ રહે અને લાંબા સમય સુધી ટકી શકે તે માટે આંગણવાડી કેન્દ્રોનું સમયસર મરામત કામ થાય તે હેતુ થી પ્રતિ ચો.મી રૂ.૧૫૩.૦૦ અનુસાર પ્રતિ કેન્દ્ર દીઠ રૂ.૮૫૦૦/- મુજબ પોતાના મકાન ધરાવતા કેન્દ્રો માટે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં આંગણવાડી કેંદ્રોના નાના સમારકામ માટે કુલ રૂ.૩૬૦૫.૭૮ લાખ (રૂપિયા છત્રીસ કરોડ પાંચ લાખ ઈઠ્યોતેર હજાર પૂરા) ની બજેટ જોગવાઇ માટે નીચેની શરતે આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:

1. આંગણવાડી કેંદ્રના નાના સમારકામ માટે મંજુર થયેલ રકમની ફાળવણી સીધી આંગણવાડી કેંદ્રના સંસ્થાકિય ખાતામાં કરવાની રહેશે.
2. પોતાના મકાનમાં ચાલતા આંગણવાડી કેન્દ્રો તેમનું બાંધકામ પૂર્ણ થયાના ત્રણ વર્ષ પછી જ મરામત માટે પાત્ર બનશે એટલે કે, જે આંગણવાડી કેન્દ્રો ત્રણ કે તેથી વધુ વર્ષ જુના છે તે જ આંગણવાડી કેન્દ્રો મરામત કરવા પાત્ર ગણવાના રહેશે.
3. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.09.21
14:56:53 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

4. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
5. સૂચિત કામો પૈકી જે કામો **MNREGA** હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ **MNREGA** યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની કચેરીએ તકેદારી રાખવાની રહેશે.
6. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે **operation and maintenance** ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
7. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
8. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
10. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
12. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
13. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
14. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
16. સી.એમ.ડેશબોર્ડ સાથે યોજના લિંક કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી ક્રમાંક:- ૧૦૬

મુખ્ય સદર:-૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર:-૦૨ પોષણ અને ખાદ્ય પીણાની વહેંચણી

ગૌણ સદર:- ૧૦૧ અન્ય ખર્ચ

પેટા ગૌણ સદર:- ૧૯, એન.ટી.આર-૧૨ , સંકલિત બાળ વિકાસ યોજનાનું સશક્તિકરણ

(૧૦૦% રાજ્ય ફાળો)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૫-૦૫-૨૦૨૩ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.09.21
14:56:53 +05:30

(જે.આઈ. લેઉવા)

ઉપ સચિવ,

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. માન. મંત્રીશ્રી(મહિલા અને બાળ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૪. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૫. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૮. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૯. નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૧૦. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૧. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૨. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................

૧૩. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ......................

૧૪. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૬. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૭. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ./મ્યુ.કો..........................

૧૮. શાખા સિલેક્ટ ફાઈલ.